# ગાંધીનગરના પૂર્વ કલેક્ટર એસ. કે. લાંગાની ધરપકડ

**બે માસ પહેલાં ભ્રષ્ટાચાર અને અપ્રમાણસર મિલકત મામલે તપાસ રિપોર્ટના આધારે ગુનો નોંધાયો હતો : માઉન્ટ આબુ હોવાની માહિતી બાદ ગાંધીનગર પોલીસે રાજસ્થાન બોર્ડર પરથી ઝડપી લીધા**

ગાંધીનગર, તા. ૧૧

આજે રાજસ્થાન બોર્ડર પાસેથી પોલીસે ગાંધીનગરના નિવૃત્ત કલેકટર એસ.કે. લાંગાની ધરપકડ કરી હતી. ઉલ્લેખનીય છે કે એસ.કે.લાંગા સામે બે માસ પૂર્વે ભ્રષ્ટાચાર અને અપ્રમાણસાર મિલકત મામલે ફરિયાદ નોંધાયા બાદ પોલીસ તેમની શોધખોળ કરી રહી હતી અને તેઓ માઉન્ટ આબુમાં હોવાની માહિતી પ્રાપ્ત થતાં ગાંધીનગર પોલીસે ઓપરેશન હાથ ધરીને તેમણે રાજસ્થાન બોર્ડર પરથી ઝડપી લીધા હતા.

ગાંધીનગરના રેન્જ આઈજી દ્વારા ગાંધીનગર જિલ્લા પોલીસ



અધિક્ષકના વડપણ હેઠળ પોલીસે છ સભ્યોની ખાસ તપાસ ટીમની રચના કરાઈ હતી અને એસપી તરૂણ દુગ્ગલ ટીમનું મોનિટરીંગ કરી રહ્યા હતા. આ સાથે કેસની સંપૂર્ણ તપાસ હેડક્વાર્ટર ખાતેના ડીવાયએસપી અમી પટેલને સોંપવામાં ઉપરાંત ગાંધીનગર પોલીસના ચાર પીઆઈ પણ આ ટીમમાં સામેલ હતા.

નિવૃત કલેક્ટર એસ. કે. લાંગા સામે ગાંધીનગર જિલ્લા કલેકટર તરીકેના કાર્યકાળ દરમિયાન પોતાના હોદાનો દુરુપયોગ કરી ભ્રષ્ટાચાર આચર્યો હોવાની અને અપ્રમાણસર મિલકત વસાવી હોવાની ફરિયાદ નોંધવામાં આવેલી છે.

ઉલ્લેખનોય છે કેઅગાઉ ખાસ તપાસ અધિકારી તરીકે નિમવામાં આવેલા નિવૃત સનદી અધિકારી વિનય વ્યાસા દ્વારા લાંગાના કાર્યકાળ દરમ્યાન મહેસુલી બાબતોમાં લેવાયેલા નિર્ણયોની તપાસ બાદ આપવામાં આવેલા રિપોર્ટને આધારે ગાંધીનગર કલેક્ટર કચેરીના હાલના ચીટનીશ દ્વારા નિવૃત્ત કલેકટર લાંગાની સામે તત્કાલીન ચીટનીશઅને નિવાસી અધિક કલેકટર સામે પણ સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો. આ મામલે પોલીસ દ્વારા આવતીકાલે પ્રેસ કોન્ફરન્સ યોજવામાંઆવે તેવી શક્યતા છે.

## આગામી ૨૧મીથી મતદારયાદી સુધારણા ઝુંબેશ હાથ ધરાશે

**આ વખતે મતદારયાદી સુધારણા ઝુંબેશ મોબાઈલ એપથી થશે : આ માટે બુથલેવલ ઓફિસરોને ૨૦ જુલાઈ સુધીમાં ખાસ તાલીમ અપાશે**

ગાંધીનગર, તા. ૧૧

આગામી તા. ૨૧-૭-૨૦૨૩થી એક મહિના માટે ખાસ મતદારયાદી સુધારણા ઝુંબેશ ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવશે.

ટેકનોલોજીના ઉપયોગ અંગે પંચે વિધાનસભાની સામાન્ય ચૂંટણી પહેલાં આપેલા સંકેતો મુજબ આ વખતે ૨૧-૭-૨૦૨૩થી હાથ ધરાનાર મતદારયાદી સુધારણા ઝુંબેશ મોબાઈલ એપથી જ કરવાની રહેશે.

એક મહિનો ચાલનારી આ ઝુંબેશમાં બુથલેવલ ઓફિસર હાઉસ ટુ હાઉસ જશે અને મતદારોની ચકાસણી તેમજ મતદારયાદી સુધારણા અંગેની કામગીરી એપ પર કરશે.

મળતી વિગતો મુજબ આ માટે ૧૦-૭-૨૩ થી ૨૦-૭-૨૩ દરમ્યાન તમામ બુથલેવલ ઓફિસરોને વિશેષ તાલિમ આપવામાં આવસે કે ઓનલાઈન કામગીરી કેવી રીતે કરવાની રહેશે. આ માટેની તાલિમોનું આયોજન પણ હાથ ધરાઈ ગયુ હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

### પંચે લોકસભાની ચૂંટણીઓ માટે કવાયત હાથ ધરી

રાજ્યમાં ૨૦૨૪માં યોજાનાર લોકસભાની ચૂંટણીઓને લઈ ચૂંટણીપંચ દ્વારા ધીમી ગતિએ કાર્યવાહી આરંભી દેવામાં આવી છે.

ચૂંટણીપંચે મતદાન મથકોના પુનઃ ગઠનને લઈ દરખાસ્તો દરેક જિલ્લા પાસેથી મગાવી છે. મતદાન મથકો જર્જરિત થયા હોય તો નવા સ્થળે ખસેડવા અને નવા સ્થળની મુલાકાત તેમજ સુવિધાઓ સાથે દરખાસ્તમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત રાજ્યમાં મતદારોની સંખ્યામાં થયેલા વધારાને ધ્યાને રાખી નવા મતદાન મથકો બનાવવાના હોય તો તે બાબતનો પણ દરખાસ્તમાં સમાવેશ કરવાનો રહેશે તેવી સૂચનાઓ પણ આપવામાં આવી છે.

રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ સંપન્ન થયા પછી વધેલા મતદારોને ધ્યાને રાખી પુનઃ ગઠનની દરખાસ્તો આ મહિનાના અંત સુધીમાં મળી જાય તે જોવા માટે જણાવવામાં આવ્યુ છે.

## માર્ગ-મકાન વિભાગના સચિવ વસાવાની હાઉસીંગ કમિશનર તરીકે બદલી

**એ.કે. પટેલને બઢતી આપી માર્ગ-મકાનના સચિવ બનાવાયા, કે.આર. પરીખને બઢતી આપી નર્મદા, પાણી પુરવઠા, કલ્પસર સચિવ બનાવાયા**

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યના માર્ગ-મકાન વિભાગના સચિવ એસ.બી. વસાવાની બદલીના હુકમો આજે રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે કર્યા છે. આ ઉપરાંત રાજ્ય સરકારના ઉચ્ચ સનદી અધિકારી કમલ દયાનીને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષ તરીકે નિમણુંક કરાઈ છે. જ્યારે એ. કે. રાકેશને મહેસૂલ સચિવનો હવાલો સોંપાયો છે. રાજ્યના માર્ગ-મકાન વિભાગના સચિવ વસાવાને બદલીને હાઉસીંગ કમિશનર તરીકે નિમણુંક આપવામાં આવી છે.

હાઉસીંગ કમિશનર તરીકે ફરજો બજાવતા સનદી અધિકારી આર.એસ. નિનામાને સામાન્ય વહીવટ વિભાગ હસ્તક મુકવામાં આવેલ છે. આ હુકમમાં જ જણાવ્યા પ્રમાણે મુખ્ય ઈજનેર અને જીએસઆરડીસીના મેને. ડિરેક્ટર એ.કે. પટેલને બઢતી આપી માર્ગ-મકાન વિભાગના સચિવ પદે નિયુક્ત કરવામાં આવ્યા છે.

સામાન્ય વહીવટ વિભાગે કરેલા એક અન્ય હુકમ મુજબ એસ.એસ.એન.એલ.ના ચીફ જનરલ મેનેજર (ટેકનીકલ) તરીકે ફરજો બજાવતા કે.આર. પરીખને નર્મદા, પાણી પુરવઠા અને કલ્પસરના સચિવ તરીકે બઢતી આપી નિમણુંક આપવામાં આવી છે.

આજે બપોર બાદ એકાએક આ બદલીના હુકમો જારી કરવામાં આવતાં કર્મચારીઓમાં ખૂણેખાંચરે કર્ણોપકર્ણ ચર્ચાઓ થતી જોવા મળી હતી.

## આખા ગાંધીનગરમાં ચાલી રહી છે ભૂવા "પુરાણ" કથા...!!

**શહેરના લગભગ તમામ સેક્ટરમાં ભૂવાને કારણે કફોડી સ્થિતિ : વાહનો ફસાઈ જવાને કારણે અવરજવરમાં મુશ્કેલીથી નાગરિકો ત્રાહિમામ**











ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર એક એવું શહેર છે જે પરંપરાગત રીતે વસેલું શહેર નથી પરંતુ તેને આધુનિક વિજ્ઞાન અને ઈજનેરી કૌશલ્યનો ઉપયોગ કરીને પદ્ધતિસર આયોજન સાથે વિકસાવાયું છે. આમ છતાં અત્યારે આ શહેરમાં સામાન્ય વરસાદમાં જ ભૂવા પડવા, ઠેર ઠેર પાણી ભરાઈ જવા, કાદવ-કીચડ થવો, વાહનો ફસાઈ જવા જેવા દ્રષ્યો સર્જાવા સામાન્ય બની જવા પામ્યાં છે. શહેરના લગભગ દરેક સેક્ટરમાં વિકાસ કાર્યો દરમ્યાન કરવામાં આવેલા ખોદાણ પછી તેમાં અપૂરતા માટી પુરાણને કારણે ભૂવા પડી રહ્યાં છે જેને જોઈને એવુ લાગી રહ્યું છે કે જાણે આખા ગાંધીનગરમાં ચાલી રહી છે ભૂવા "પુરાણ" કથા ચાલી રહી છે.

ગાંધીનગરમાં છેલ્લાં ઘણા સમયથી પાણી, ગટર અને વરસાદી પાણીના નિકાલની લાઈનોના નવીનીકરણ માટે હાથ ધરાયેલા વિકાસ કાર્યોને પગલે શહેરના લગભગ દરેક વિસ્તારમાં ખોદકામ ચાલુ હતું. આ કાર્યોમાં અપૂરતી માટી પુરાણ અને તેના પર ફરી યોગ્ય રીતે રોડ-રસ્તા બનાવી દેવા જેવા કાર્યોમાં બેદરકારીની ફરિયાદો લાંબા સમયથી ઉઠવા પામી રહી છે. નબળાં વિકાસ કાર્યોને પગલે શહેરમાં વરસાદી ઋતુને કારણે ઠેર ઠેર કાદવ-કીચડ અને ભુવા પડવાની સમસ્યા સર્જાવા પામી છે. "ભૂવાનગર" બની ગયેલા આ શહેરના અનેક વિસ્તારમાં અત્યંત ભયજનક સ્થિતિ સર્જાવા પામી છે અને શહેરીજનોની હાલત ખુબ જ કફોડી જોવા મળી રહી છે. શહેરના અનેક સેક્ટરોમાં રોડ પર ભુવા પડી

● અનુસંધાન પાન-૭ પર

### સે.૨૮માં બાલોદ્યાન પાસેથી પ્રવેશવાના માર્ગે કફોડી સ્થિતિ

શહેરના ઘ માર્ગ પરથી સે.૨૮માં બાલોદ્યાન પાસેથી પ્રવેશવાના ભાગે ગઈકાલે પડેલા મસ મોટા ભૂવાને કારણે કફોડી સ્થિતિ સર્જાવા પામી હતી અને આ માર્ગ બંધ થઈ જવા પામ્યો હતો. આજે આ ખાડામાં તાત્કાલિક ડામર મિશ્રિત કપચીનું પુરાણ કરવામાં આવ્યું હતું. જોકે આ પુરાણ પછી પણ તેના પરથી પસાર થતા અનેક વાહનો ફસાઈ જવાની ઘટના સર્જાઈ હતી મહાનગરપાલિકાની એક કચરાની વાન પણ ફસાઈ ગઈ હતી. અયોગ્ય પુરાણને કારણે પડેલા ખાડાનું ફરીથી કરવા માં આવેલું પુરાણ પણ આટલું નબળું હોવાને કારણે સર્જાલી સ્થિતિથી આ વિસ્તારના નાગરિકોમાં રોષની લાગણી પ્રવર્તવા પામી છે.

## શહેરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ અંધારપટ્ટથી રહીશોમાં ભય

**ખોદકામના લીધે ઠેર ઠેર માટી પોલાણ આંતરિક માર્ગોની હાલત પણ ઉબડ ખાબડ આવા સંજોગોમાં લાઇટો પણ ડુલ રહેતા રહીશો માટે જોખમી સ્થિતિ : ફરિયાદોના અંતે પણ સમસ્યાનુ નિરાકરણ ન આવતુ હોવાનો સ્થાનિકોમાં રોષ**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં વરસાદી મોસમની જમાવટ સાથે સમસ્યાઓ પણ હઠીલી બનતી જાય છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં ઠેર ઠેર દુવિધાઓનો ઢગ મંડરાયેલો છે. ત્યારે સેકટરોના આંતરિક વિસ્તારોમાં પણ સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદોનુ નિરાકરણ આવતુ નથી. શહેરના સે-૩, સે-૫ સે-૨૬,૨૭ સે-૨૮ સહીતના વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો વિશેષ છે. આ મામલે રજુઆતના અંતે પણ ફરિયાદોનુ ઝડપથી નિરાકરણ આવતુ નથી. શહેરના મુખ્યમાર્ગો પર પણ કેટલાક ઠેકાણે લાઈટો ડુલ જોવા મળી રહી છે. સેકટરોમાં છવાયેલા અંધારપટ્ટના લીધે છેવાડાના ગામ જેવી સ્થિતિ સર્જાઈ છે.

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં અનેકવિધ દુવિધાઓનો ઢગ ખડકાયો છે. એકબાજુ સેકટરોના આંતરિક માર્ગોનુ રીસરફેસીંગ પણ નિયત સમયના અંતે હાથ ધરવામાં આવ્યુ નથી એકબાજુ પાણી ગટરની નવી લાઈન નાંખવાની કામગીરીના લીધે સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. ત્યારે સેકટરોના આંતરિક માર્ગોના રીસરફેસીંગનુ કામ પણ પાણી ગટરની નવી લાઈન નાંખવાની કામગીરી પુર્ણ થયા બાદ જ હાથ ધરવામાં આવશે. ત્યારે આ સ્થિતિ વચ્ચે ઉબડ ખાબડ બનેલા માર્ગો પર માર્ગ સલામતી પણ જોખમાઈ છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં વરસાદી દિવસો દરમિયાન અનેક ઠેકાણે લાઈટો ડુલ રહેતા સ્થાનિકો માટે ઢળતી સાંજ બાદ અંધારપટ્ટમાં બહાર નિકળવાનુ પણ મુશ્કેલ બને છે. શહેરના સે -૧૬ , ૨૬, ૨૭ ,૨૮ ઉપરાંત નવા સે- માં ૩ , સે-૩ સી અને સે-૫ માં પણ ઘણીખરી લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આ મામલે અનેકવાર રજુઆત કરવામાં આવ્યા બાદ પણ સમસ્યાનુ નિરાકરણ આવતુ નથી જેના લીધે વરસાદી દિવસોમાં સેકટરોમાં ઘણાં ઠેકાણે છવાયેલા અંધારપટ્ટથી છેવાડાના ગામ જેવી સ્થિતિનુ નિર્માણ થયુ છે. સેકટરોમાં વરસાદી દિવસોમાં અનેક ઠેકાણે માટી પોલાણ થાય છે જયારે આવા સંજોગોમાં સ્ટ્રીટ લાઈટો પણ ડુલ રહેતી હોવાથી વાહનચાલકો માટે

● અનુસંધાન પાન-૭ પર

## ૨૦૬ નાયબ મામલતદારોની જિલ્લાફેર બદલી કરાઈ

**જિલ્લામાં નવા ૩૧ નાયબ મામલતદાર આવશે**

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યના મહેસુલ વિભાગે આજે સાંજે ૨૦૬ જેટલા નાયબ મામલતદારોની જિલ્લાફેર બદલીના હુકમો જારી કર્યા છે.

મહેસુલ વિભાગે કરેલા હુકમમાં આ બદલીઓ સ્વ વિનંતીથી કરાઈ હોવાથી જોઈનીંગ ટાઈમ કે ભાડા ભથ્થુ મળવાપાત્ર રહેશે નહિ.

આજે કરાયેલા આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ૩૧ નાયબ મામલતદારો અન્ય જિલ્લામાંથી આવી રહ્યા છે.

નાયબ મામલતદાર સંવર્ગમાં બઢતી આપવાની કાર્યવાહી પણ ચાલી રહી છે. જિલ્લા ફેર બદલીના થયેલા હુકમોને પગલે જગ્યાઓ ભરાશે તેમજ જે ખાલી જગ્યાઓ થશે ત્યાં બઢતીથી જગ્યાઓ ભરાશે તેમ જાણવા મળેલ છે.

## સે. ૧૬ અને શાહપુર પ્રા. શાળામાં ફેસ એટેન્ડેન્ટ્સ સિસ્ટમનો પાયલોટ પ્રોજેક્ટ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર તાલુકાની બે પ્રા. શાળામાં ફેસ એટેન્ડેન્ટ્સનો પાયલોટ પ્રોજેક્ટ અમલી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત આ પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવનાર છે. શાહપુર પ્રા. શાળા તેમજ સે. ૧૬ની પ્રા. શાળામાં આ પાયલોટ પ્રોજેક્ટ અમલી બનશે. જેના પરિણામો પછી આ પ્રથા પર આગળ વધવુ કે નહિ તેના માટે નિર્ણય લેવામાં આવશે.

શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓના ફેસ ઈમેજ થકી હાજરી પુરવામાં આવશે તેમજ શાળા છૂટતાં પણ આમ કરાશે.

જિલ્લા પંચાયત ગાંધીનગર સહિત ઘણી સરકારી કચેરીઓમાં ફેસ એટેન્ડેસ સિસ્ટમ અમલી છે. એક ગ્રામીણ વિસ્તારની અને એક શહેરી વિસ્તારની શાળા આ પાયલોટ પ્રોજેક્ટ માટે પસંદ કરવામાં આવી છે.

શાહપુર પ્રા. શાળા એ શિક્ષણજગતમાં એક આગવી ઓળખ ઉભી કરી જ છે. સે. ૧૬ પ્રા. શાળા પણ આગવી ઓળખ ધરાવે છે. આ માટે હવે ટુંકમાં જ નિયત કરાયેલ એજન્સી દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

## ગાંધીનગરમાં જુલાઈના અંત સુધીમાં હજુ વરસાદના બે તોફાની રાઉન્ડ આવશે

**તા ૧૫ થી ૨૦ જુલાઇ દરમિયાન પણ વિજકડાકા અને વાદળગર્જના સાથે ધોધમાર વરસાદ વરસશે : જયારે જુલાઇ અંત થી ઓગષ્ટ પ્રથમ સપ્તાહમાં પણ મેઘરાજા તોફાની બેટીંગ કરશે : અંબાલાલ પટેલ**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં વરસાદની મોસમ નિખરી છે. જયારે અત્યાર સુધીમાં સિઝનનો નોંધપાત્ર વરસાદ થયો છે. જયારે આગામી જુલાઈ મહીનાના બાકી દિવસોમાં પણ મેઘરાજાના બે ધમાકેદાર રાઉન્ડ આવશે જેમાં વિજકડાકા અને વાદળગર્જના વચ્ચે તોફાની વરસાદ વરસશે તા ૧૫ થી ૨૦ જુલાઈ દરમિયાન પણ વરસાદ થશે જયારે જુલાઈ અંતથી ઓગષ્ટના પ્રથમ સપ્તાહ દરમિયાન પણ મેઘરાજા ધમધોકાર વરસશે તેમ હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે જણાંવ્યુ છે.

ગાંધીનગરમાં જુલાઈ મહીનાની શરૂઆતન બે સપ્તાહમાં જ મેઘરાજા મુડમાં આવતા એકાંતરે દિવસે ધોધમાર વરસાદથી શહેરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ગત ઉનાળાના દિવસોમાં પણ વારંવાર વાતવરણ પલ્ટાના લીધે કમોસમી વરસાદ પણ વરસતા ભર ઉનાળે પણ અષાઢી માહોલ જોવા મળ્યો હતો. જયારે જુનમાં પણ ચોમાસાની મોસમની શરૂઆત સાથે બે રાઉન્ડમાં પુરતો વરસાદ થયો છે. શહેરમાં નોંધાતા સિઝનના સરેરાશ વરસાદની સાપેક્ષમાં અત્યાર સુધી ૫૦ ટકા થઈ ગયો છે. જયારે હજુ પણ ભારે વરસાદનો રાઉન્ડ આવશે અલબત્ત જુલાઈ મહીનામાં જ મેઘરાજા ધમધોકાર વરસશે તેમ પણ હવામાન તજજ્ઞો જણાંવી રહ્યા છે. સમગ્ર રાજયમાં પુરતો વરસાદ થયો છે. જેના લીધે ખેડુતોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. જયારે જુલાઈ મહીનાના બાકી દિવસોમાં હજુ ભારે વરસાદ થશે તેમ પણ હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે જણાંવ્યુ છે. જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલના જણાંવ્યા મુજબ આગામી તા ૧૫ થી ૨૦ જુલાઈ દરમિયાન પણ ભારે વરસાદ વરસશે. આ ઉપરાંત જુલાઈ મહીનાના અંત થી ઓગષ્ટના પ્રથમ સપ્તાહ દરમિયાન પણ મેઘરાજાનો મિજાજ તોફાની જોવા મળશે. વિજ કડાકા અને વાદળ ગર્જના સાથે આગામી દિવસોમાં મેઘરાજાની સવારી તોફાની બની રહેતા જનજીવન પણ વિશેષ રીતે પ્રભાવિત થશે. જો કે મોસમના નોંધપાત્ર વરસાદના અંતે પણ હજુ વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ વર્તાઈ રહ્યુ છે જેના લીધે હાલ વરસાદી મોસમ વચ્ચે પણ નગરજનો આકરા બફારાથી પરેશાન છે. ગાંધીનગરમાં સામાન્ય રીતે સિઝનનો સરેરાશ ૬૫૦ મી મી જેટલો વરસાદ થતો હોય છે. જયારે આ વર્ષે અત્યાર સુધી આ આંકડાની સાપેક્ષમાં અડધો અડધ

● અનુસંધાન પાન-૭ પર

### બેસણું



**શ્રી મંગળભાઈ જી. ચૌહાણ,** (વતન બાવળા) (પૂર્વ ઉપસચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર, પૂર્વ ઉપપ્રમુખ સંત શ્રી રોહિદાસ સેવા સમાજ(ગુજરાત) ગાંધીનગર, સક્રિય કાર્યકર - ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ, ડેમોક્રેટિક પીપલ્સ એસોસિયેશન)નું તા. ૯-૭-૨૩ના રોજ અવસાન થયું છે. **દિવંગતનું બેસણું તા. ૧૩-૭-૨૩, ગુરુવારે સવારે ૯ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ હોલ. સેક્ટર-૭-સી, ૬/૭ બસસ્ટેન્ડ પાસે, ગાંધીનગર.**

**લિ.**

**સ્મૃતિશેષ માણેકબેન (પત્ની)**

**યોગેન્દુ (પુત્ર) — હર્ષા (પુત્રવધૂ)**

**સુધા (પુત્રી) — દિનેશ (જમાઇ)**

**વિભા (પુત્રી) — ડો. મહેન્દ્રકુમાર (જમાઇ)**

**અવની (પુત્રી) — ડો. કીરીટ (જમાઇ)**

**કુંજ, વ્રજ (પૌત્ર) ● ઉપજ્ઞા, દેવજ્ઞા, અભિજ્ઞા (દોહિત્રી)**

**વ્યોમ, વેદ, કવન (દોહિત્ર)**

**મોબાઈઈલ : ૯૨૭૫૯૫૨૯૨૦ - ગાંધીનગર.**

## સરિતા વોટર વર્કસમાં ગુરુવારે નવુ ટ્રાન્સફર્મર લગાવાની કામગીરી શરૂ કરાશે

**છેલ્લા બે દિવસથી નવા સેક્ટરોમાં પુરતા ફોર્સથી પાણીનો સપ્લાય આપવામાં આવતો નથી હજુ આજે પણ પુરતો સપ્લાય આપી શકાશે નહી**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં ઉનાળાની ગરમીના દિવસોથી પાણીની સમસ્યા સતત ઉઠતી રહે છે. એક યા બીજા કારણોસર સેકટરોમાં સપ્લાય થતો પાણી પુરવઠો સતત પ્રભાવિત થતા સેકટરવાસીઓને હાલાકી વેઠવાનો વારો આવે છે. સરિતા વોટર વર્કસમાં ટ્રાન્સફર્મરમાં ખામી સર્જાતા છેલ્લા બે દિવસથી નવા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી આપવામાં આવતુ નથી જયારે આજે પણ પુરતો સપ્લાય આપવામાં આવશે નહી. નવા સેકટરોમાં અપાતા સપ્લાયમાં હાલ ૫૦ ટકાની ઘટ પ્રવર્તી છે. જયારે સરિતા વોટર વર્કસને અનુલક્ષીને ગુરુવારે નવુ ટ્રાન્ફર્મર આવી જશે જયારે આ સમસ્યાનો ઉકેલ આવતા હજુ પણ બે દિવસ લાગે તેવી સંભાવના છે.

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી નવા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી આવતુ નથી. સરિતા વોટર વર્કસના ટ્રાન્સફર્મરમાં ખામી સર્જાતા આ સમસ્યા સર્જાઈ છે. જયારે આ બે પૈકી એક ટ્રાન્સફર્મર નવુ નાંખવા માટે પણ ટુંકમાં કામ શરૂ કરી દેવાશે જયારે અન્ય એક ટ્રાન્સફર્મરનુ રીપેરીંગ કામ પણ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com